(1) શાંઘાઇ કોઓપરેશન સંગઠન વિશે નીચેના સાચા વિધાનો ચકાસો.

1. ભારત આ સંગઠનનું સ્થાપક સદસ્ય છે.
2. ચીનના દબાણ હેઠળ પાકિસ્તાન દ્વારા આ સંગઠનનો હાલમાં ત્યાગ કરવામાં આવ્યો છે .

(A) 1 અને 2 (B) માત્ર 1
(C) માત્ર 2 (D) એક પણ નહીં

- Explanation
- (D) એક પણ નહીં
- કેમ સમાચારમાં છે ? :
- હાલમાં SCO સ્ટાર્ટ અપ ફોરમ દ્વારા ત્રીજું અધિવેશન ભરાયું હતું.
- શાંઘાઇ કો ઓપરેશન ઓર્ગેનાઈઝેશન વિશે :
- તેની શરૂઆત 2001માં થઈ .
- તેના સ્થાપક સદસ્ય : કઝાકિસ્તાન, કીર્ગિસ્તાન, તજીકીસ્તાન, ચીન, રશિયા ( તેથી તેને સાંઘાઈ 5 તરીકે ઓળખવામાં આવતું) 2017 માં ભારત અને પાકિસ્તાન તેના સભ્યો બન્યા (જેથી ભારત સ્થાપક સદસ્ય નથી)
- 2021 માં ઈરાન તેનો સદસ્ય બન્યો.

(2) INS ગરુડા વિશે નીચેના સત્ય વિધાનો ધ્યાને લો.

1. તે ભારતનું સૌથી જૂનું નવાલ એર સ્ટેશન છે.
2. હાલમાં તેની શરૂઆત થઈ તેને 75 વર્ષ સમાપ્ત થયા .

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 (D) એક પણ નહીં

- Explanation
- (A) માત્ર 1
- સમાચારમાં કેમ છે ?
- INS ગરુડાને 70 વર્ષ પૂરા થયા.
- 11 મે 1953 માં તેની શરૂઆત થઈ હતી.
- તે ભારતનુ સૌથી જૂનું નવાલ એર સ્ટેશન છે.
- સમય સાથે તેમાં ઘણા સુધારા કરી નવી ટેકનોલોજીનો ઉમેરો કરાયો છે જેથી તે આધુનિક અને કાર્યક્ષમ જહાજ બન્યું છે.
- તે હાલમાં કેરળના કોચી બંદર ખાતે કાર્યરત છે.

Gandhinagar - 8238238787 I Vadodara - 7575080606 I Rajkot - 7575060303 I Surat - 7574060505 I Bhavnagar - 7575060404
Aanad-Vidhyanagar - 7575062323 I Surendranagar - 9099091400 I Junagadh - 7575003111 I Jamnagar - 7574091010

(3) કાર્બન બજાર શબ્દ દ્વારા તમે શું સમજો છો?

(A)ભારત સરકાર દ્વારા કોલસાની લે વેચ કરવા બનાવેલ ઓનલાઇન બજાર
(B)કાર્બનના ઉત્સર્જનને ઓછું કરવા ઊભું કરાયેલ એક બજાર
(C)અમેરિકાના દેશમાં રંગભેદના આધારે ઉદભવેલ બજાર
(D)એક પણ નહીં

- **Explanation**
- (B)કાર્બનના ઉત્સર્જનને ઓછું કરવા ઊભું કરાયેલ એક બજાર
- સમાચારમાં કેમ છે ?
- હાલમાં પર્યાવરણ મંત્રાલય દ્વારા ભારતમાં ભારતનું કાર્બન બજાર વિકસાવવામાં આવશે .
- કાર્બન બજાર એટલે દરેક કંપની દ્વારા એક મર્યાદામાં કાર્બન ઉત્સર્જન કરવાની પરવાનગી હોય છે .
- જો તેનાથી ઓછું કાર્બન ઉત્સર્જન ઉપર તે કંપનીને ક્રેડિટ પ્રમાણપત્ર મળે છે.
- આ પ્રમાણપત્ર મર્યાદા કરતાં વધુ કાર્બન ઉત્સર્જન કરનાર કંપનીને ખરીદવું જરૂરી હોય છે .
- આ કાર્બનના પ્રમાણપત્ર વિનિમય જે બજારમાં થાય છે તે બજારને કાર્બન બજાર કહે છે.

(4) ક્રાયોજેનિક એન્જિન વિશે નીચેના સત્ય વિધાનો ચકાસો.

1. ક્રાયોજેનિક એન્જિનનું ઉત્પાદન અને વપરાશ ખૂબ જ નીચા તાપમાને થાય છે.
2. આખા વિશ્વમાં માત્ર ચીન ભારત અને અમેરિકા પાસે જ પોતાનો ઘરેલુ બનેલું ક્રાયોજેનિક એન્જિન છે .

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 (D) એક પણ નહીં

- **Explanation**
- (A) માત્ર 1
- સમાચારમાં કેમ છે ?
- ઇસરો દ્વારા હાલમાં અર્ધ ક્રાયોજેનિક એન્જિનનું પરીક્ષણ કરવામાં આવ્યું.
- ક્રાયોજેનિક એન્જિનનું ઉત્પાદન અને વપરાશ ખૂબ જ નીચા તાપમાને થાય છે.
- તેમાં ઓક્સિડાઇઝરનો ઉપયોગ બળતણ તરીકે થાય છે.
- ચંદ્રયાન 2 મિશનમાં આવા એન્જિનનો ઉપયોગ થયો હતો.

વંદે માતરમ્ ચૌકસી

(5) ઈ.સ. 1872 માં પસાર કરવામાં આવેલ 'ધ નેટિવ મેરેજ એક્ટ' હેઠળ__________વર્ષની નીચેની છોકરીઓને લગ્નની મનાઈ કરવામાં આવી.

(A) 14 (B) 15

(C) 16 (D) 18

- Explanation
- (D) 18
- બ્રિટિશ ભારત સરકાર વડે લોર્ડ મેયોના કાળમાં 1872 માં નેટિવ મેરેજ એક્ટ- 1872 પારિત કરવામાં આવ્યો જે અંતર્ગત છોકરાની ઉંમર 21 વર્ષ તથા છોકરીઓની ઉંમર 18 વર્ષ નિર્ધારિત કરવામાં આવી.
- આ અધિનિયમ હાલમાં ખ્રિસ્તી ધર્મના લોકો માટે ભારત માં લાગુ પડે છે.

વર્લ્ડ ઇનબોક્સ એકેડમી

(6) બ્રિટિશ શાસનમાં રૈયત વારી પ્રથાને __________ એ સ્થાન આપ્યું.

(A)લોર્ડ કોર્નવોલીશ

(B)લોર્ડ બેન્ટીક

(C)સર થોમસ મુનરો

(D)લોર્ડ કુક

- Explanation
- (C)સર થોમસ મુનરો
- રૈયતવાડી વ્યવસ્થા
- ઈ.સ. 1792 માં મદ્રાસ પ્રેસીડન્સીના બારા મહેલ જિલ્લામાં સૌપ્રથમ વાર લાગુ કરવામાં આવી.
- પરંતુ પ્રાથમિક પ્રયોગ દરમિયાન 1820 માં સંપૂર્ણ મદ્રાસમાં લાગુ કરવામાં આવી જે દરમિયાન મદ્રાસનો ગવર્નર જનરલ થોમસ મુનરો (ઈ.સ. 1819 - 26) હતો
- આ વ્યવસ્થામાં ખેડૂતોને જમીનના સ્વામી ગણવામાં આવતા હતા.